# સુરત મહાનગરપાલિકા

## હાઈડ્રોલિક વિભાગ

## <u>નોટીસ/ કવોટેશન</u>

**વિષયઃ– હિન્દુસ્તાન ઝીંક લિ.,મુંબઈના ચિત્તોડગઢ, રાજસ્થાન ખાતેનાં સ્ટોરમાંથી ૯૯.૯૯% શુધ્ધતા ધરાવતું ૫૦.૦૦ મે.ટન સીસુ પોતાના માણસો તથા સાધનો દ્વારા પોતાના વાહનોમાં ચઢાવી, વહન કરી સુરત મ્યુનિ.સ્ટોર્સ, નાના વરાછા કે શહેરની હદમાં આવેલ મ્યુનિ. સ્ટોર ખાતે ઉતારીને વ્યવસ્થિત ગોઠવવાનું કામ.**

હાઈડ્રોલિક વિભાગના પાણી પુરવઠાના કામોએ નળીકાના જોડાણ તથા મરામત અને નિભાવના કામોએ ઉપયોગી ૯૯.૯૯% શુધ્ધતા ધરાવતુ ૫૦.૦૦ મે.ટન જેટલુ સીસુ હિન્દુસ્તાન ઝીંક લિ., મુંબઈ પાસેથી ખરીદવા અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. સદર કંપનીના ચિત્તોડગઢ, રાજસ્થાન સ્થિત ડેપોથી સુરત મહાનગરપાલિકાના નાના વરાછા સ્ટોર સુધી ૫૦.૦૦ મે.ટન સીસુ પોતાના માણસો તથા સાધનો દ્વારા પોતાના વાહનોમાં ચઢાવી, વહન કરી સુરત મ્યુનિ.સ્ટોર્સ, નાના વરાછા કે શહેરની હદમાં આવેલ મ્યુનિ. સ્ટોર ખાતે ઉતારીને વ્યવસ્થિત ગોઠવવાનાં કામે આ પ્રકારના જાણકાર અને અનુભવી ઈજારદાર રસ ધરાવતા હોય તો તેઓએ આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી **તા.૨૭/૧૧/૨૦૨૪**ના સાંજે ૫ઃ૦૦ વાગ્યા સુધીમાં The Chief Accountant, Accounts Department, Surat Municipal Corporation, Muglisara, Surat – 395003 ખાતે સીલબંધ કવરમાં ભાવપત્રક પહોંચાડવાના રહેશે. જે–તે ઈજારદાર ધ્વારા સીલબંધ કવર ઉપર કામનું નામ, ભાવપત્રકનો પત્ર નંબર, કંપનીનું નામ તથા સરનામુ દર્શાવવાનું રહેશે. વધુમાં, મુદત વિત્યા બાદ કોઈ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી. ઉકત કામગીરી અન્વયેની શરતો નીચે મુજબ છે.

## <u>શરતો</u> ( સામાન્ય માહિતી ):–

(૧) આ કામે ઈજારદારે મે.ટન દીઠ (પોતાના માણસો તથા સાધનો દ્વારા પોતાના વાહનોમાં ચઢાવી, વહન કરી સુરત મ્યુનિ.સ્ટોર્સ, નાના વરાછા કે શહેરની હદમાં આવેલ મ્યુનિ. સ્ટોર ખાતે ઉતારીને વ્યવસ્થિત ગોઠવવા અને તમામ પ્રકારના ટેક્ષ સહિતના) ભાવો આપવાના રહેશે, જેની વેલીડીટી ભાવપત્રક ખોલ્યાની તારીખથી ૧૨૦ દિવસની રહેશે. સદર સમયગાળા દરમ્યાન ઈજારદાર ધ્વારા તેઓનું ભાવપત્રક પરત ખેંચવાની તથા તેમાં ફેરફાર કરી શકશે નહીં. વધુમાં ભરેલ ભાવમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(૨) હિન્દુસ્તાન ઝીંક લિ.,મુંબઈના ચિત્તોડગઢ, રાજસ્થાન ખાતે આવેલ સ્ટોરમાંથી ઉપર જણાવ્યા મુજબના જથ્થામાં સીસુ પોતાના માણસો તથા સાધનો દ્વારા વાહનોમાં ચઢાવીને આ વાહનો સુરત મ્યુનિ.સ્ટોર્સ, નાના વરાછા, સુધી કે શહેરની હદમાં આવેલ મ્યુનિ. સ્ટોરમાં વહન કરી વ્યવસ્થિત રીતે ઉતારીને ગોઠવી આપવાનું રહેશે.

(૩) આ કામે ઈજારદારે પોતાના માણસો તથા સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે તેમજ સુરત મહાનગરપાલિકા આ માટે અન્ય કોઈ મદદ કરશે નહી.

(૪) ઈજારદારનાં ખાલી વાહન તથા સીસા ભરેલા વાહનનું વજન હિન્દુસ્તાન ઝીંક લિ.,મુંબઈના ચિત્તોડગઢ, રાજસ્થાન ખાતેનાં સ્ટોરમાં કરવાનું રહેશે, આ વજન ફાયનલ ગણીને તે મુજબ ઈજારદારને ચુકવણું કરવામાં આવશે. સદર કામનું ૧૦૦% ચુકવણું, સંતોષકારક કામગીરી પૂર્ણ થયેથી ૩૦ (ત્રીસ) દિવસ બાદ કરવામાં આવશે.

(૫) તમામ કામગીરી સાથે સંકળાયેલ માણસોને ઈજા,અકસ્માત, ચોરી, લૂંટફાટ, કાર્ટીંગ કરવા જોગ સીસાની કુલ અંદાજીત રકમનો વિગેરે તમામ બાબતો સહિતનો વીમો ઈજારદારે લેવાનો રહેશે, જેના તમામ કાગળો તથા પ્રિમીયમ વિગેરેનો ખર્ચ ઈજારદારના શીરે રહેશે. તેમજ આ માટેની તમામ કામગીરી ઈજારદારે કરવાની રહેશે. અકસ્માત, માલની ચોરી, લૂંટફાટએ તમામ સંજોગોમાં મહાનગરપાલિકાના માલસામાનને થયેલ નુકશાન, ચોરી વિગેરે તમામ બાબતે સંબંધિત સરકારી કચેરી, વીમા કંપનીમાં જરૂરી કાર્યવાહી કરી જરૂરી વળતર ઈજારદારે મેળવી આપવાનું રહેશે.

(૬) લાગુ પડતા તમામ વ્હીલટેક્ષ, રોડ ટેક્ષ સહિત અન્ય તમામ ટેક્ષનો સમાવેશ ભાવમાં રહેશે તથા વીમા વિભાગ, આર.ટી.ઓ., પોલીસ ખાતા વિગેરે તમામ જરૂરી ખાતાઓમાંથી કે સક્ષમસત્તાઓ પાસેથી જરૂરી પરવાનગી ઈજારદારે પોતે મેળવવાની રહેશે, જેનો તમામ ખર્ચ ઈજારદારને શીરે રહેશે.

(૭) કંપનીએ આપેલ ડીલીવરી ચલનમાં જણાવેલ સીસાની પાટો (Pigs)નો જથ્થો સુરત મ્યુનિ.સ્ટોર્સમાં ઈજારદારે આપેલ ડીલીવરી સાથે બરાબર મળવો જોઈએ, તેમાં થયેલ ચૂકનાં નાણાં (કંપનીને મહાનગરપાલિકાએ ચૂકવેલ ભાવો મુજબ) ઈજારદારનાં મહાનગરપાલિકા પાસેના જમા નાણાંમાંથી વસુલ લેવામાં આવશે અથવા ઈજારદાર ધ્વારા ભરપાઈ કરવાના રહેશે.

(૮) ભાવપત્રક સાથે બાનાની રકમ પેટે રૂા.૨૫,૦૦૦/– પે ઓર્ડર/ ડી.ડી. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામે જમા કરાવવાનાં રહેશે, તે સિવાયનું ઈજારદારનું ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

(૯) સફળ ઈજારદારે ઓર્ડર મળ્યેથી દિન–૧૦(દશ)માં ટેન્ડર રકમના ૧૦% (દશ) ટકા લેખે રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફટ સીકયોરીટી ડીપોઝીટ પેટે જમા કરાવવાની રહેશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ કામગીરી પૂર્ણ થયા બાદ, હિસાબો ઓડીટ થયેથી વસૂલ લેવા જોગ રકમ કપાત કરીને પરત કરવાની રહેશે. જો કોઈ કારણોસર ઈજારદાર કામ પૂર્ણ ન કરે / અધુરુ છોડી જતો રહે તો તેવા સંજોગોમાં ઈજારદારની સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. યોગ્ય કિંમતનાં સ્ટેમ્પ પેપર ઉપર કરારનામાની વિધિની પૂર્તતા કરવાની રહેશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

(૧૦) આ કામની સમયમર્યાદા ઓર્ડર મળ્યેથી ૨(બે) માસની રહેશે, તેમજ કામગીરી શરૂ કરવા માટે ઈજારદારને લેખિતમાં સૂચના આપ્યેથી દિન–૭ (સાત)માં હિન્દુસ્તાન ઝીંક લિ.,ના ચિત્તોડગઢ, રાજસ્થાન ખાતેના સ્ટોર પરથી સીસાની ડીલીવરી મેળવી, સુરત મ્યુનિ.સ્ટોર્સ ખાતે જમા કરાવવાનો રહેશે. ડીલીવરીમાં વિલંબ થયેથી કાર્ટીંગના બીલની રકમના *૦.૨% પ્રતિ દિન અથવા ૧૦%* મહત્તમ વિલંબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

(૧૧) ટેન્ડરરે અનુભવના પુરાવા, આર્થિક સધ્ધરતા (રૂા.૧,૦૦,૦૦૦/– નું બેન્ક સોલવન્સી સર્ટીફીકેટ–ભાવપત્રક જમા કરતી વખતે સોલવન્સી સર્ટીફીકેટ ૦૧ (એક) વર્ષથી વધારે જુનુ ન હોવું જોઈએ), ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજ પુરાવા તરીકે ભાવપત્રક સાથે સામેલ કરવાનાં રહેશે.

(૧૨) જે–તે ઈજારદાર ધ્વારા આ નોટીસ/ કવોટેશન સહી–સિકકા સાથે તેઓના ભાવપત્રક સાથે સીલબંધ કવરમાં જમા કરાવવાનું રહેશે. સદરહું નોટીસ/ કવોટેશન સિવાયનું ભાવપત્રક માન્ય ગણવામાં આવશે નહીં.

(૧૩) સદર કામગીરી દરમ્યાન કામ કરતાં કામદારો / મજૂરોમાં બાળ મજૂરો કોઈપણ સંજોગોમાં કામે રોકવા નહીં. જો સદર કામમાં બાળ મજૂરો કામે રાખ્યા હશે / કામ કરતાં હશે તો તે અંગેની ઉપસ્થિત પરિસ્થિતિની તમામ જવાબદારી એકમાત્ર ઈજારદારની રહેશે.

(૧૪) કોઈપણ પ્રકારનું શરતી ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહીં.

**હાઈડ્રોલિક ઈજનેર**
**સુરત મહાનગરપાલિકા**

ન. ર.:– ઈ.ચા.સેકશન ઓફીસર તથા ટેન્ડર કલાર્ક (હાઈડ્રોલિક) પ્રતિ..........
(૧) હાઈડ્રોલિક વિભાગ, અલથાણ
(૨) નાના વરાછા હાઈડ્રોલિક સ્ટોરના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા તથા ઘટીત કાર્યવાહી અર્થે.